# ઉજ્જીવન ફાઇનાન્શિયલનો આઇપીઓ ૨૮ એપ્રિલ, ૨૦૧૬ના રોજ ખુલશે: પ્રાઇઝ બેન્ડ રૂ.૨૦૭થી રૂ.૨૧૦

અમદાવાદ : ઉજ્જીવન ફાઇનાન્શિયલ સર્વિસીસ લિમિટેડ (યુએફએસ અથવા કંપની)નોન બેન્કિંગ ફાઇનાન્શિયલ કંપની - માઇક્રો ફાઇનાન્સ ઇન્સ્ટિટ્યૂશન (એનબીએફસી-એમએફઆઇ)છે, જાણે ૨૦૦૫માં નોન બેન્કિંગ ફાઇનાન્શિયલ કંપની (એનબીએફસી)તરીકે કામગીરી શરૂ કરી હતી. ૩૧ ડિસેમ્બર, ૨૦૧૫ સુધી યુએફએસ ૪૭૦ શાખાઓ અને ૭,૮૯૨ કર્મચારીઓના નેટવર્ક મારફતે ૨૪ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૨૭.૭ લાખ સક્રિય ગ્રાહકોને સેવા આપતી હતી. કંપનીનો આઇપીઓ ૨૮ એપ્રિલ, ૨૦૧૬ના રોજ ખુલશે અને ૦૨ મે, ૨૦૧૬ના રોજ બંધ થશે.

તેની પ્રાઇઝ બેન્ડ રૂ.૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ઇક્વિટી શેર દીઠ રૂ.૨૦૭થી રૂ.૨૧૦છે. એન્કર ઇન્વેસ્ટ બિડ/ઓફરનો સમયગાળો બિડ/ઓફર ઓપનિંગની તારીખના એક દિવસ અગાઉ એટલે કે ૨૭ એપ્રિલ, ૨૦૧૬ના રોજ રહેશે.

આઇપીઓમાં કંપનીના રૂ.૩,૫૮૧.૧.૬૧ મિલિયનના નવા ઇક્વિટી શેર ઇશ્યૂ થશે અને એલીવર, એફએમઓ, આઇએફસી, આઇએફઆઇએફ, એમયુસી, સર્વ કેપિટલ, ડબલ્યુસીપી અને ડબલ્યુડબલ્યુબી દ્વારા ૨૪,૯૬૮,૩૩૨ ઇક્વિટી શેરની ઓફર ફોર સેલ (ઓએફએસ) ઇશ્યૂ થશે. બીઆરએલએમ સાથે પરામર્શમાં કંપનીએ કુલ રૂ.૨,૯૧૮.૩૯ મિલિયનનું મૂલ્ય ધરાવતા ૧૪,૨૩૬.૦૫૭ ઇક્વિટી શેરનું પ્રી-આઇપીઓ પ્લેસમેન્ટ પૂર્ણ કરયું છે. ૩૧ ડિસેમ્બર, ૨૦૧૫ના ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટમાં જાહેર કર્યા મુજબ નવા શેરની સાઇઝમાં રૂ.૬,૫૦૦ મિલિયન મુજબ ઘડાટો થયો છે.

બુક બિલ્ડિંગ પ્રોસેસ મારફતે કરવામાં આવેલી ઓફરમાં ઓફરનો ૫૦ ટકા હિસ્સો પ્રમાણસર આધારે ક્વોલિફાઇડ ઇન્સ્ટિટ્યૂશનલ બાયર્સ (ક્યુઆઇપી પોર્શન)ને ફાળવવામાં આવશે. બીઆરએલએમ સાથે પરામર્શમાં કંપની અને વિક્રેતા શેરધારકો વિવેકને આદારે એન્કર ઇન્વેસ્ટર એલોકેશન પ્રાઇસ પર ક્યુઆઇપી પોર્શનને ૬૦ ટકા સુધીનો હિસ્સો ફાળવી શકે છે (એન્કર ઇન્વેસ્ટર પોર્શન) એન્કર ઇન્વેસ્ટર પોર્શનનો ઓછામાં ઓછા ૩૩ ટકા હિસ્સો સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ માટે અનામત રાખવામાં આવશે, જે એન્કર ઇન્વેસ્ટર એલોકેશન પ્રાઇસ પર કે, તેનાથી વધારે કિંમત પર સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ પાસેથી પ્રાપ્ત થયેલી માન્ય બિડ્સને આધિન છે. એન્કર ઇન્વેસ્ટર પોર્શનનો હિસ્સો ઓછા ભરાવવાના કે બિન-ફાળવણીના કેસમાં બાકીના ઇક્વિટી શેર ક્યુઆઇબી પોર્શનનો બાકીનો હિસ્સો પ્રમાણસર આધારે તમામ ક્યુઆઇપી બિડર્સ (એન્કર ઇન્વેસ્ટર્સ સિવાય)ને ફાળવવા માટે ઉપલબ્ધ થશે, જેમા મ્યુચ્યુઅલ ફંડ સામેલ છે અને તે ઓફર પ્રાઇઝ પર કે તેનાથી વધારે કિંમતે પ્રાપ્ત થયેલી માન્ય બિડને આધિન છે.